



GUJARAT UNIVERSITY LIBRARY
OF THE USER, BY THE USER, FOR THE USER

# The Sublime 8.0

GU Library

gujunilibrary



**A Newsletter of Gujarat University Library**
**January to March 2023**

https://gulibrary.com/

# ABOUT LIBRARY




- The Gujarat University Library was established in 1951. With a modest beginning in the year 1951 with 1,700 books and 170 periodicals in the temporary building, it was transferred to existing New Building in 1967.
- The architecture and structure of the library building is like an "Open Book". There are 4 floors in the building with a large basement for stack area and a reading center.
- Gujarat University Library is indeed the heart of all activities of Gujarat University. It envisaged the words "Library is the Heart of an Institution" rightly said by the great Dr. Sarvapalli Radhakrishnan. Gujarat University has established one of the largest University Library System across the state that indeed plays a vital role in the acquisition and dissemination of academic and research information to meet the present and future needs of the University.

# Vision & Mission

## VISION

- To support scholarship and research productivity among University Community
- To explore and implement Innovative Technologies and services, to deliver Information and Scholarly resources to Users
- To establish library as a Knowledge Sharing Hub

## MISSION

- To acquire, store, organize, and disseminate resources for next generation in all subjects offered by Gujarat University.
- To provide access of all kind of Information Resources and Information Services to all affiliated community as per objective, function and mission of Gujarat University.
- Build and Strengthen ICT infrastructure in the University Library with Value-Added services.

# Initiative of ICT and Infrastructural facilities at Gujarat University Library

- Digitization of Theses/Dissertation /News Paper Clippings
- RFID Enabled Library
- E-Resource Access and Technical Process Lab
- Smart Card for Library Users
- Dr. Babasheb Ambedkar Special Collection Center
- Manuscript & Rare Collection Section
- Remote Access and MYLOFT (My Library on fingertips:Mobile Library Access)
- Plagiarism Detection Software (PDS) Service for Research Work
- IRINS (Indian Research Network Information System) : Gujarat University Faculty Profile, A Library Initiative
- ICT based Special Facilities for Visually Impaired Users (KIBO : Knowledge In-Box)
- Mobile Racks Facility
- Information Kiosks
- Single Window and Self-Circulation Section
- Meditation and Yoga Section : Saraswati Sadhana Kendra
- Ramp and Wheel Chair Facility for Differently Abled Users
- CCTV and Fire Safety Facilities
- Industrial R.O. Plants with Water Cooler
- Reception Lounge for Library Visitors
- Institutional Repository
- Separate Reading Center for Female Students
- Reuse of R.O. Waste Water
- Sardar Vallabhbhai Patel Knowledge Gallery & 'Gamthi' section at Gujarat University Library
- Pragnya Pustak Parab
- Sanitary napkin vending and disposal machine
- Primary medical facility service center

# Message from Librarian




**Dr. Yogesh Parekh**
I/C Librarian,
Gujarat University

**Gujarat University Library wishes Happy and Safe New Year 2023 to all readers of Sublime. This issue of Sublime 8.0 will also tell about overview of the various managerial service and extension activities organized by the Gujarat University Library from the beginning of the Year 2023 to March 2023. During this period Gujarat University Library organized various Book Exhibition, Seminar and Training Session on National and International Importance Day like Army Day, World Braille Day, National Youth Day, Netaji Subhash Chandra Bose Jayanti and Gandhi Nirvan Day (Martyr's Day). Mother Language Day, Ahmedabad City Foundation Day, International Women's Day celebration, Martyr's Day, World Water Day & World Theatre Day.**

**During this period Gujarat University Library also organized Library User's Orientation Sessions, National Level Workshop on Anti Plagiarism policy of UGC for research scholars as well as the end users of the Library. During this period The Reading Centers of GUL was open even on public festival and holidays for the reading interest of the students, GUL has made best efforts in other services like anti-plagiarism, shodhganga, syllabus services, MYSY, CMSS scholarship services, supporting students in Competitive Examination along with routine library services. Like usual, we are committed to provide the same level of service delivery with full enthusiasm and cooperation in the times yet to come.**

4th Jan 2023

## Book Exhibition on World Braille Day





11th Jan 2023

## Celebration of Road and Safety Week
## (11th January 2023 to 17th January 2023)



11th Jan 2023
12th Jan 2023

# Book Fair, Exhibitions & Seminars on National Youth Day : Birth Anniversary of Swami Vivekanand







11th Jan 2023
12th Jan 2023

# Book Fair, Exhibitions & Seminars on National Youth Day : Birth Anniversary of Swami Vivekanand







**16th Jan 2023**

# Gujarat University Library Visited by Students and Faculties of Samarpan Arts and Commerce College








20st Jan 2023

# Book Exhibition on theme of G20 as Part of G20 Summit of India







21st Jan 2023

# J.G. College of Education Visited at Gujarat University Library










# Book Exhibition on Netaji Subhash Chandra Bose on his Birth Anniversary








25th Jan 2023

# Celebration of National Voters Day at Gujarat University







25th Jan 2023


# World Record Recieving Ceremony of Mass Signature Campaign for Ethical Voting in Gujarat Legislative Assembly Election 2022 as a part Sveep activity






# 30th Jan 2023

# Book Exhibition on Life Journey of Mahatma Gandhiji on Gandhi Nirvan Din










# Conducted User on boarding and Training session of MyLOFT for PG students, Research Scholar and faculty members of Gujarat University



22th Feb 2023

# National level Workshop cum Training Program on "UGC Policy of Anti Plagiarism and Tools" Jointly Organized with IQAC & GU Ph.D Student facilitation Centre , Gujarat University







**22nd Feb 2023**

## Book Exhibition of International Mother Tongue Day



**26th Feb 2023**

## Book Exhibition on History, Culture and Heritage of Ahmedabad city on his Establishment day





1th March 2023

# Gujarat University Library Visited by Faculty Members and Students of University of Kashmir










**8th March 2023**

# Celebration of International Women's Day : Book Exhibition on Importance and Key Role of Women's in All the Sector of Society and World










**10th Feb 2023**

## Rangoli Making on the theme of G20 "Vasudhaiva Kutumbakam" as part of G20 Summit 2023



**11th Feb 2023**

## Inauguration of Pandit Shyamji Krishna Verma & Late Smt. Aarti Vishnu Pandya Special Collection Centre









22^nh^ March 2023

## Book Exhibition on World Water day



23rd March 2023

## Book exhibition on life Journey of Bhagat Singh, Sukhdev and Rajguru on Shahid Divas



24th March 2023

# Lecture delivered on Data Collection, Open Educational Resource and Ethical Issues in Academics on Work Shop of Research Methodology






## MYSY And CMSS Students Documents Verification from August 2022 to March 2023
## Reports of Circulation of Books and Library Membership at Gujarat University Library

- **MYSY Verification**

**3500**

- **CMSS Verification**

**500**

April 2022 to March 2023


- **Library Membership**

**4494**

- **Circulation of Books**

| Issue | Return |
| --- | --- |
| 10398 | 10137 |

# Book Exhibition on Lord Shri Ram on Festival of RamNavami








# Media Clippings

સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ રાષ્ટ્રીય યુવા દિન પ્રસંગે

## પુષ્પાંજલિ , પુસ્તક મેળો ,ગ્રંથ પ્રદર્શન અને વ્યાખાન એમ વૈવિધ્યસભર કાર્યક્રમો આયોજિત કરાયા



સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ રાષ્ટ્રીય યુવા દિન પ્રસંગે સ્વામી વિવેકાનંદ શિક્ષણ સંકુલ ખાતે સ્વામી વિવેકાનંદજીને મા. કુલપતિશ્રી પ્રોફે. ડો. હિમાંશુ પંડયા સાહેબ, મા. કુલસચિવશ્રી ડો. પી. એમ. પટેલ સાહેબ, પુર્વ ઉપકુલપતિશ્રી ડો. જગદીશભાઈ ભાવસાર સાહેબ રામકૃષ્ણ મઠ અમદાવાદના અધ્યક્ષ પૂજ્ય પ્રભુસેવાનંદજી મા. સિન્ડીકેટ અને સેનેટના સદસ્યોશ્રી અધિકારીઓ અધ્યાપકો અને વિધાર્થીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી આ સાથે જ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે સ્વામી વિવેકાનંદજી જીવન અને કવન પર આધારિત પુસ્તકો મેળો માં.કુલપતિશ્રીનાં વરદહસ્તે ખુલ્લો રાખવામાં આવેલ હતો આ સાથે સ્વામીજીનાં જીવન અને કવન ઉપરના ગ્રંથોનું પ્રદર્શન અને વ્યાખ્યાન એમ વૈવિધ્યસભર કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા હતા

## યુવા દિન નિમિત્તે ગુજરાત યુનિવર્સિટીમાં વિવિધ કાર્યક્રમનું આયોજન



યુવા દિન નિમિત્તે ગુજરાત યુનિવર્સિટીના સ્વામી વિવેકાનંદ શિક્ષણ સંકુલ ખાતે ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ.હિમાંશુ પંડ્યા સહિતના આગેવાનો દ્વારા પુષ્પાંજલિ, પુસ્તક મેળો, ગ્રંથ પ્રદર્શન અને વ્યાખાન એમ વૈવિધ્યસભર કાર્યક્રમ સાથે સ્વામી વિવેકાનંદ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

# Media Clippings

## ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય દ્વારા આર્મી દિવસની ઉજવણી નિમિત્તે આર્મી ઉપર પ્રકાશિત વિવિધ ગ્રંથોનું પ્રદર્શન



ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય દ્વારા આર્મી દિવસની ઉજવણી નિમિત્તે આર્મી ઉપર પ્રકાશિત વિવિધ ગ્રંથોનું પ્રદર્શન તારીખ ૧૫/૦૧/૨૦૨૩ ના રોજ આયોજિત કરવામાં આવેલ હતું. ૧૯૪૯ માં આજના દિવસે જ સ્વતંત્ર ભારતના ચીફ ઈન કમાન્ડર તરીકે ફિલ્ડ માર્શલ એમ. કરીપ્પાએ લશ્કરનો ચાર્જ સંભાળ્યો હતો એની ઉજવણીનો આ દિવસ ગણાય છે.

રાષ્ટ્રીય મહત્વના દિવસે આ પ્રકારના ગ્રંથ પ્રદર્શનનો મુખ્ય આશય યુવા વિધાર્થીઓમાં રાષ્ટ્રની લશકરી વિવિધ વીંગ કેવી રીતે કાર્ય કરે છે તથા રાષ્ટ માટેની અને તેમજ આર્મી અને રાષ્ટ્રપ્રેમ પ્રત્યેના ગુણો વિકસે એ મુખ્યતઃ હેતુસહ આપણે જ્યાં કામગીરી કરીએ ત્યાં એક સૈનિકની જેમ જ કામગીરી કરીએ એ જ મુખ્યતઃ હતું કા. ગ્રંથપાલ ના ડો. યોગેશ પારેખના મતાનુસાર આજે આપણે અહીં સુરક્ષિત છીએ જેનું મુખ્ય કારણ રાષ્ટ્રની વિવિધ સરહદો પર ગરમી ઠંડી અને વરસાદી વાતાવરણ વચ્ચે પણ સતત ખડેપગે દેશની સુરક્ષા ખાતે તેનાત અને કાર્યરત આપણા વિવિધ આર્મીના જવાનો છે.

દિવ્ય ભાસ્કર અમદાવાદ-સિટીભાસ્કર 17-01-2023

## ઈન્ડિયન આર્મી રિલેટેડ ગ્રંથોનું પ્રદર્શન શરૂ કરાયું



અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરી ખાતે ઈન્ડિયન આર્મી રિલેટેડ ગ્રંથોનું પ્રદર્શન શરૂ થયું. 15 જાન્યુઆરીના રોજ આર્મી દિવસ નિમિત્તે આ પ્રદર્શન શરૂ કરાયું હતું. જે દિવસે રવિવાર હોવા છતાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પ્રદર્શનમાં જોડાયા હતા. 1949ની 15 જાન્યુઆર સ્વતંત્ર ભારતના ચીફ ઈન કમાન્ડર તરીકે ફિલ્ડ માર્શલ એમ. કરિપ્પાએ લશ્કરનો ચાર્જ સંભાળ્યો હતો ત્યારથી આર્મી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રદર્શનમાં આર્મી રિલેટેડ 50થી વધુ પુસ્તકોને પ્રદર્શનમાં મુકવામાં આવ્યા છે. આ પ્રદર્શન 17 જાન્યુઆરી સુધી ચાલશે.

## ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લીધી



સમપર્ણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગરના સ્ટુડન્ટ્સ દ્વારા ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લીધી હતી, જેમાં ગ્રંથાલયના વાંચનાલય સહિતના ૨૧ વિભાગની મુલાકાત લઈને માહિતી મેળવી હતી.

# Media Clippings

અમદાવાદ-સિટીભાસ્કર 21-01-2023

## GU લાઈબ્રેરીમાં G20 સમિટની થીમ પરના પુસ્તકોનું પ્રદર્શન યોજાયું



અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં G20 સમિટ સંદર્ભે વિવિધ થીમનો સમાવેશ કરતા પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. જેમાં ભારતની વિદેશ પોલિસી તેમજ ભારતના અન્ય દેશો સાથેના સંબંધો વિશેના પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આગામી સમયમાં G20 સમિટ સંદર્ભે વિવિધ થીમ સાથેની ક્વિઝ, ડિબેટ, સેમિનાર તેમજ વેબિનાર અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય ખાતે ૮ ૨૦ સમિટ સંદર્ભેની

## વિવિધ થીમ અને સમાવેશ દેશોને આવરી લેતા વિષયોનાં પુસ્તકોનું એક પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું

ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય ખાતે ભારત રાષ્ટ્ર ખાતે G 20 સમિટ સંદર્ભેની વિવિધ થીમ અને સમાવેશ દેશોનાં વિષયોને આવરી લેતા પુસ્તકોનું એક પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતું જેમાં નરેન્દ્ર મોદી ફોરેન પોલિસી, ઈન્ડીયા ફોરેન પોલિસી યુએસ ટુવર્ડઝ ઈન્ડીયા : એ પોસ્ટ કોલ્ડ વોર સ્ટડી, ઈન્ડીયા ફોર્રેન પોલિસી ,રાઈઝીંગ ઈન્ડિયા ચાઈના સાઉથ આફ્રિકા એન્ડ બ્રાઝીલ , ઈન્ડીયા યુએસ રિલેશન્સ એન્ડ એશિયન રીબેલેનસિંગ, ઈન્ડીયા



ઈન્ટરનેશલ રીલેશન્સ, ઈન્ડો યુએસ રીલેશન્સ, ઈન્ડીયા ચાઈનાં રિલેશનશીપ , ઈન્ડીયા ચાઈનાં રીલેશન વિગરે પુસ્તકો સાથે જે G 20 નાં જે વિષયો છે જેમાં વુમન એમ્પાવરમેન્ટ, ઈનોવેશન અને ૨૧ સ્ટ સેન્ચુરી ,ડીજીટલ ટ્રાન્સફોર્મેશન યુથ ઈન ડેમોક્રેસી આરોગ્ય એમ વિવિધ વિષયોને આવરી લેતા ગ્રંથોનું એક પ્રદર્શન આવરી લેવામાં આવેલ હતું આ સાથે ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય પાસે ૩૦૦૦૦ કરતા વધુ ઈ રીસોર્સીસ G 20 સંદર્ભ ઉપલબધ છે આગામી સમયમાં G 20 સમિટ સંદર્ભેની વિવિધ થીમ અને સમાવેશ દેશોને આવરી લઈને ક્વિઝ ,ડીબેટ સેમિનાર વેબિનાર નિબંધ સ્પર્ધા વિગેરે કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવશે

# Media Clippings

## GU લાઇબ્રેરીમાં નેતાજી વિશે લખાયેલા ગ્રંથોનું પ્રદર્શન

**ગુજરાત યુનિ.** ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે તાજેતરમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ જયંતી અને પરાક્રમ દિવસ નિમિત્તે સુભાષચંદ્ર બોઝના જીવન અને કવન પર આધારિત ૫૦ થી વધુ ગ્રંથોનું પ્રદર્શન નેતાજીની ૧૨૬ મી જન્મજયંતી નિમિત્તે ખુલ્લું રાખવામાં આવેલ હતું આ સાથે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની વેબસાઈટના મારફતે વર્ચ્યુઅલ એક્ઝિબિશન પણ આયોજિત કરવામાં આવેલ હતું આ ગ્રંથ પ્રદર્શનમાં ધ સિલેક્ટેડ વર્કસ ઓફ સુભાષચંદ્ર, ધી સ્પ્રીન્ગીંગ ટાઇગર, એ બીકોન એક્રોસ ઈન્ડિયા, નેતાજી સુભાષચંદ્ર બોઝ, ધી વોર ઓફ ધી સ્પ્રીંનીંગ ટાઇગર, રાષ્ટ્ર નાયક સુભાષચંદ્ર બોઝ, નેતાજીસ લાઈફ એન્ડ રાઈટિંગ્સ મહાનાયક



સુભાષ, ક્યા નેતાજી જીવીત હૈ સુભાષચંદ્ર બોઝ : શૌર્ય કી પ્રતિકૃતિ વૈવિધ્યપૂર્ણ ગ્રંથો હિન્દી અંગ્રેજી અને ગુજરાતી ભાષાના આ ગ્રંથપ્રદર્શનમાં રાખવામાં આવેલ હતા. આ ગ્રંથપ્રદર્શનની મુલાકાત વિદ્યાર્થીઓ ઉપરાંત સિટીના નાગરિકોએ પણ લીધી હતી.

02 Happy Republic Day **City Life** THURSDAY 26.01.2023

## ગુજરાત યુનિ. લાઇબ્રેરી ખાતે ૨૦,૦૦૦થી વધુ લોકો બંધારણના ગ્રંથોને નિહાળે છે

**૧૯૫૧થી ગુજરાત યુનિવર્સિટી લાઇબ્રેરીમાં ભારતનું બંધારણ પુસ્તક હોવાનું અનુમાન છે**

**માત્ર રાષ્ટ્રભક્તિનાં ગીતો ગાવા કે રાષ્ટ્રધ્વજ લહેરાવીને જ નહીં, પુસ્તકોનો સહારો લઈને આ દિવસનું મહત્ત્વ સમજી તેના વિશેની દરેક માહિતી મેળવીએ છીએ : યંગસ્ટર્સ**

**G.U. લાઇબ્રેરી ખાતે ભારતના બંધારણની રેપ્લિકા કોપીની 3 પ્રતો ઉપલબ્ધ છે**



**લાઇબ્રેરીમાં ૬૦૦થી વધુ ગ્રંથો ભારતના બંધારણ ઉપરના છે**

**ભારતના બંધારણ પર વંચાતી ટોપ ૧૦ બુક્સ**

**ભારતની રાજકીય વ્યવસ્થાનો વિકાસ કેવી રીતે થયો તેનો ખ્યાલ આવ્યો**




**બંધારણીય નિર્માણ સંબંધિત રસપ્રદ બાબતોની જાણકારી મેળવી**



# Media Clippings

ગ્રંથાલય દ્વારા મહાત્મા ગાંધીજી ઉપર તૈયાર કરેલ ડ્રામા " ગાંધી ધી લાસ્ટ ડે " જેમાં મહાત્મા ગાંધીજી સરદાર વલ્લભાઈ પટેલ અને પંડિત જવાહરલાલ નહેરુના સંવાદો અને ત્યાર વાદ બાપુનુ પ્રાર્થના સભામાં આવવુ અને નાથુરામ ગોડ્સે દ્વારા બાપુને ગોળી મારી ત્યાં સુધી સમ્રગ ઘટનાનુ વર્ણન સાથેનું નાટક ગ્રંથાલયના યુટ્યુબ અને ફેસબૂકના માધ્યમથી ઓનલાઈન દર્શાવવામાં આવશે સાથે જ પૂજ્ય બાપુના સ્મરણમાં કા. ગ્રંથપાલશ્રી સ્ટાફ્ અને સમ્રગ વિધાર્થીગણ દ્વારા મિનિટનુ મૌન સાથે પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવન કથન ઉપરના વિવિધ ગ્રંથો ઉપરનુ ગ્રંથ પ્રદર્શન પણ ખુલ્લુ રાખવામાં આવશે




## 'ગાંધી ધ લાસ્ટ ડે'નાટકની ઓનલાઈન પ્રસ્તુતિ



ગ્રંથાલય દ્વારા મહાત્મા ગાંધીજી ઉપર તૈયાર કરેલા ડ્રામા 'ગાંધી ધ લાસ્ટ ડે' જેમાં મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને પંડિત જવાહરલાલ નહેરુના સાવંદો સાથેના નાટકની ઓનલાઈન પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

**સંદેશ**
મહા સુદ ચૌદશ

## GUમાં MYLOFT પર ઓરિએન્ટેશન યોજાયું

**સિટી લાઇફ |** ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા તાજેતરમાં MYLOFT (MY Library of Finger Tips) પર ઓનલાઈન લાઈબ્રેરી યૂઝર ઓરિએન્ટેશન કાર્યક્રમ ગુજરાત યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોના પીજી વિદ્યાર્થીઓ સંશોધકો અને અધ્યાપકો માટે આયોજિત કરવામાં આવેલ હતો જેમાં ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા ખરીદેલ લાવાજમથી વસાવેલ અને ભારત સરકારનાં નેશનલ ડિજિટલ લાઈબ્રેરી સહિતનાં અન્ય શૈક્ષણિક અને સંશોધનલક્ષી ૧ કરોડ કરતા પણ વધુ ઈ-રિસોર્સિસ કેવી રીતે એક્સેસ કરી શકાય કેવી રીતે લોગીન કરવાની સાથે ઓફ્લાઈન અને ઓડિયો સાથે પણ આ રિસોર્સિસ એક્સેસ અન્ય જગ્યાએ શેર કરી શકાય આ અંગે વિગતે તાલીમ કાર્યક્રમ આયોજિત થયેલ હતો આ તાલીમી કાર્યક્રમમાં મોબાઈલ આધારિત એક્સેસ સાથે લેપટોપ અને ડેસ્કટોપ પરથી પણ એક્સેસ ૨૪*૭ વિશ્વનાં કોઈ પણ જગ્યાએ એક્સેસ કરી શકાય આ આ અંગે વિગતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.

**દિવ્ય ભાસ્કર** અમદાવાદ 07-02-2023

## ગુજરાત યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં જુનિયર ક્લાર્કની ભરતી પરીક્ષાનું માર્ગદર્શન અપાશે

**અમદાવાદ |** ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં જુનિયર ક્લાર્કની ભરતી પરીક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા આગામી દિવસોમાં જુનિયર ક્લાર્કની પરીક્ષાના ઉમેદવારો, ગ્રંથાલયના સભ્ય હોય તેવા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા કેવી રીતે પાસ કરવી તે સંદર્ભે વિષય નિષ્ણાતોનું વ્યાખ્યાન ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ એમ ત્રણ મહિના દરમિયાન આયોજિત કરવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં આ સપ્તાહમાં જી-20ની થીમ અંતર્ગત યુનિવર્સિટી કનેક્ટ કાર્યક્રમાં એક વિશાળ રંગોળી પણ તૈયાર કરવામાં આવશે. રંગોળીના માધ્યમથી યુવાનોને જી-20 વિશેની જાણકારી અપાશે.

# Media Clippings



ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે G20 ના થીમ અને લોગોને આધારિત સમ્રગ વિશ્વ અને ભારતના નકશાને આવરી લઈને "વસુધૈવમકુટુંબકમ" ભારત માટે સમ્રગ વિશ્વના દરેક રાષ્ટ્ર એક પરિવાર જ છે ભારત વિશ્વના દરેક રાષ્ટ્રના વિકાસ અને રાષ્ટ્રહિતમાં હરહંમેશ સાથે જ છે એ હેતુ દર્શાવતી રંગોળી દ્વારા યુવાનો ને G20 Summit સંદર્ભે જાગરૂક કરવામાં આવેલ હતા આ પ્રસંગે ગુજરાત યુનિવર્સીટીના કુલપતિશ્રી પ્રોફે. ડો. હિમાંશુ પંડયા સાહેબ અને કા. યુનિવર્સિટી ગ્રંથપાલ ડો યોગેશ આર પારેખ ઉપસ્થિત રહી રંગોળીનો સ્કચ બનાવનાર ડો. સલમાન શેખ અને રંગાળીમાં કલરકામ કરનાર ગ્રંથાલયના સ્ટાફ અને વિધાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા

2 | **Ahmedabad City**

**Friday**. 10 February, 2023

## ગુજરાત યુનિ. ખાતે જી-૨૦ થીમ સાથે રંગોળી



ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે જી-૨૦ના થીમ અને લોગોથી આધારિત સમગ્ર વિશ્વ અને ભારતના નકશાનને આવરી લઈને 'વસુધૈવ કુટુંબકમ'ના સ્લોગન સાથે રંગોળી તૈયાર કરી હતી.

દિવ્ય ભાસ્કર **અમદાવાદ-સિટીભાસ્કર** 11-02-2023

## GU લાઈબ્રેરીએ વિશેષ ગ્રંથાલય કક્ષ શરૂ કર્યો

અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ગ્રંથાલય કક્ષનું ઉદઘાટન કરવામાં આવ્યું. પંડિતજી શ્યામજી કૃષ્ણ વર્મા ઈતિહાસ સાધના કેન્દ્ર અંતર્ગત 3,000 પુસ્તકો GU ગ્રંથાલયને પદ્મશ્રી ડૉ. વિષ્ણુભાઈ પંડ્યા દ્વારા તેમના સ્વ. ધર્મપત્નિની સ્મૃતિમાં ડોનેટ કરવામાં આવ્યા છે. જે ગ્રંથાલયને GUના વાઈસ ચાન્સેલર હિમાંશુ પંડ્યાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ ગ્રંથાલય કક્ષમાં મહાત્મા ગાંધી, ડૉ. બાબાસાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, સ્વામી વિવેકાનંદ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ તેમજ બીજા સ્વાતંત્ર સેનાનીઓ, નારી શક્તિકરણ, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન જેવા દુર્લભ ગ્રંથોને પણ રાખવામાં આવ્યા છે.

# Media Clippings

દિવ્ય ભાસ્કર **અમદાવાદ-સિટીભાસ્કર** 11-02-2023

## GU લાઈબ્રેરીએ વિશેષ ગ્રંથાલય કક્ષ શરૂ કર્યો

અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ગ્રંથાલય કક્ષનું ઉદઘાટન કરવામાં આવ્યું. પંડિતજી શ્યામજી કૃષ્ણ વર્મા ઈતિહાસ સાધના કેન્દ્ર અંતર્ગત 3,000 પુસ્તકો GU ગ્રંથાલયને પદ્મશ્રી ડૉ. વિષ્ણુભાઈ પંડ્યા દ્વારા તેમના સ્વ. ધર્મપત્નિની સ્મૃતિમાં ડોનેટ કરવામાં આવ્યા છે. જે ગ્રંથાલયને GUના વાઈસ ચાન્સેલર હિમાંશુ પંડ્યાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ ગ્રંથાલય કક્ષમાં મહાત્મા ગાંધી, ડૉ. બાબાસાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ, સ્વામી વિવેકાનંદ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ તેમજ બીજા સ્વાતંત્ર સેનાનીઓ, નારી શક્તિકરણ, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન જેવા દુર્લભ ગ્રંથોને પણ રાખવામાં આવ્યા છે.

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે " વિશ્વ માતૃભાષા દિવસ"ની ઉજવણી સંદર્ભે

## માતૃભાષાના ઈતિહાસની ઝાંખી કરતાં તથા માતૃભાષાનું મહત્વ રજૂ કરતા ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવશે

તા:૨૧ /૦૨/૨૩ નાં રોજ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે " વિશ્વ માતૃભાષા દિવસ"ની ઉજવણી કરવામાં આવશે . આ ઉજવણીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ગુજરાતી ભાષામાં પ્રકાશિત ગ્રંથો અને સાહિત્યકારોની કૃતિઓ અને માતૃભાષાના ઈતિહાસની ઝાંખી કરતાં તથા માતૃભાષાનું મહત્વ રજૂ કરતા ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવશે .આ સાથે જ સ્પર્ધાત્મક પ્રવર્તમાન સમયમાં સતત અંગ્રેજી ભાષાના વધતા વ્યાપની સાથે અંગ્રેજી ભાષા સાથે આપણી મૂળભૂત માતૃભાષાના મહત્વને વિદ્યાર્થીના અભ્યાસકાળની સાથે સાથે સતત સામાજિક વ્યવસાયિક આર્થિક સાંસ્કૃતિક એમ સર્વશ્રેત્રીય સ્તરે અમલમાં ઉપયોગમાં કેવી રીતે મૂકી માતૃભાષાના સંરક્ષણ, સંવર્ધન સાથે વધુને વધુ આગળ ધપાવવા માટેની કટિબદ્ધતા અંગેના શપથ લેવામાં આવશે

# Media Clippings

દિવ્ય ભાસ્કર **અમદાવાદ 24-02-2023**

**GUમાં એન્ટિપ્લેગ્યારિઝ્મ પોલિસી અને ટૂલ્સ પર ટ્રેનિંગ ઈવેન્ટ યોજાઈ**

## એન્ટિપ્લેગ્યારિઝમ પોલિસીને લીધે સાહિત્યિક ચોરીનું પ્રમાણ ઘટ્યું છે

અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ખાતે સાહિત્યિક ચોરી (એન્ટિપ્લેગ્યારિઝમ) પોલિસી અને ટૂલ્સ પર વર્કશોપ અને ટ્રેનિંગ ઈવેન્ટ યોજવામાં આવી. જેમાં યુજીસી ઈન્ફ્લિબનેટના સાયન્ટિફિક ડો. મનોજકુમાર હાજર રહ્યાં હતા. જેમણે જણાવ્યું કે, ગુજરાતની વિવિધ યુનિવર્સિટી પૈકી ગુજરાત યુનિવર્સિટી 4,247 પીએચ.ડી થિસિસ અપલોડ સાથે સૌથી મોખરે છે. ભારતની તમામ યુનિવર્સિટીઓના પીએચ.ડી થિસિસ ઓનલાઈન મૂકવાની સાથે સાહિત્યિક ચોરીનું પ્રમાણ વધી રહ્યું છે. જેથી ઓનલાન ચેકિંગ કે વેરિફિકેશનની જોગવાઈ ના હોવાને લીધે પીચ.ડી થિસિસની ગુણવત્તા સુધરી અને પુનરાવર્તનમાં પણ ઘટાડો થયો છે. આજે ભારતની 789 યુનિવર્સિટીના 4,39,939 લાખ પીએચ.ડી થિસિસ ઓનલાઈન ઉપલબ્ધ છે, જેથી



એન્ટિપ્લેગ્યારિઝમ પોલિસી અંગે યુજીસી દ્વારા 2009માં એક જાહેરનામુ પાડીને પીએચ.ડી અને એમફીલના સ્ટુડન્ટ્સના હિત અંગે વિચાર કર્યો હતો. જે જાહેરનામા બાદ 2018માં ગેઝેટ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું. જેમાં ભારતમાં કાર્યરત તમામ શૈક્ષણિક સંસ્થાનોને ફરજીયાત થિસિસને એન્ટિપ્લેગિયારિઝમ સોફ્ટવેરમાં ચેક કરાવવાનો રહેશે. યુજીસીની પોલિસીમાં વિવિધ જોગવાઈઓમાં પેનલ્ટીનો પણ સમાવેશ કરવામા આવ્યો છે.

---

## થીસિસની ઉઠાંતરી કરવાનું પ્રમાણ વધતા શોધગંગા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો

ગુજરાત યુનિવર્સિટી ખાતે નેશનલ લેવલ એન્ટિપ્લેગ્યારિઝમ પોલિસી અને એન્ટિપ્લેગ્યારિઝમ ટુલ્સ પર વર્કશોપ અને તાલીમી કાર્યક્રમ યોજાયો

સિટી લાઇફ | ગુજરાત યુનિવર્સિટી ખાતે આજ રોજ IQAC , જી.યુ. પીએચ.ડી ફેસિલિટેશન સેન્ટર અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય નેશનલ લેવલ 'એન્ટિપ્લેગ્યારિઝમ પોલિસી અને એન્ટિપ્લેગ્યારિઝમ ટુલ્સકઉપર વર્કશોપ અને તાલીમી કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં, યુજીસી ઈન્ફ્લીબનેટનાં સાયન્ટિફિક્સ ડો. મનોજકુમાર મુખ્ય સ્પીકર તરીકે હાજર રહ્યા હતા. વર્કશોપમાં ૬૯૮થી વધુ રિસર્ચ સ્કોલર હાજર રહ્યા હતા. ડો. મનોજકુમારે ઈન્ફ્લીબનેટની વિવિધ પ્રવૃત્તિઓ વિશે સમજાવતા કહ્યું કે, શા માટે ભારતની તમામ યુનિવર્સિટીઓના પીએચ.ડી થીસિસ ઓનલાઈન મૂકવા સાથે એન્ટિપ્લેગ્યારિઝમનો વિચાર ભારત સરકારનાં યુજીસી ખાતે વિચારણામાં આવ્યો તે જાણવા જેવું છે.થીસિસમાં ઉઠાંતરી કરવાનું પ્રમાણ ક્યાંકને ક્યાંક શૈક્ષણિક સંસ્થાનોમાં ધ્યાને આવતું હતું. ઉદાહરણ તરીકે રાજસ્થાનમાં



પ્રદેશનાં વિષયોને ધ્યાને લઈ પીએચ.ડી થયેલ હોય તો અને કોઈ અન્ય રિસર્ચ પંજાબ કે બિહાર એમ કોઈ પણ પ્રદેશનું નામ બદલી લે અને બાકીની કન્ટેન્ટ એમ જ રાખે અને પીએચ.ડી એવોર્ડ પણ મેળવે તેવું બનતું પણ ઓનલાઈન ચેકિંગ કે વેરિફિકેશન એવી કોઈ જોગવાઈ ન હતી અને પીએચ.ડી થીસિસની ગુણવત્તા, પુનરાવર્તન અટકાવવું તેમજ સંશોધનોનો ૨૪ * ૭ એક્સેસ એ પણ મહત્ત્વનાં મુદ્દાઓ હતા. આમ વર્ષ ૨૦૦૯થી આ એક પ્રોજેક્ટ શોધગંગા શરૂ કરવામાં આવ્યો.

### ગુજરાત યુનિ. ૪૨૪૭ P.hd થીસિસ અપલોડ કરવામાં ગુજરાત રાજ્યમાં અગ્રતાક્રમે

મનોજકુમારે કહ્યું કે, ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટી પૈકી ગુજરાત યુનિવર્સિટી ૪,૨૪૭ પીએચ.ડી થીસિસ અપલોડ કરવામાં ગુજરાત રાજ્યમાં અગ્રતાક્રમે છે જોકે, ઉઠાંતરી માટે ઇન્ટરનેટ ઓનલાઇન ઉપલબ્ધ કન્ટેન્ટ પણ મહદંશે જવાબદાર છે સાથે ઉઠાંતરી કે જેમાં પૂર્ણ ઉઠાંતરી , આંકડાકીય ઉઠાંતરી , ઈમેજ ઉઠાંતરી અને કોઈ પણ સંશોધકે પોતાની જ કૃતિ પુન: બીજા કોઈ સ્વરૂપે પ્રકાશિત કરે તેમજ શબ્દોનું રિએરેન્જમેન્ટ એમ વિવિધ પાસાઓનો સમાવેશ થાય છે અને આવું કરનાર યુજીસીની પોલિસીમાં વિવિધ જોગવાઈમાં પેનલ્ટી આપવી પડે છે.

### ભારતની ૭૮૯ યુનિ.નાં ૪,૩૯,૯૩૯ લાખ પીએચ.ડી થીસિસ ઓનલાઇન ઉપલબ્ધ છે

આજે ભારતની ૭૮૯ યુનિવર્સિટીનાં ૪,૩૯,૯૩૯ લાખ પીએચ.ડી થીસિસ ઓનલાઇન ઉપલબ્ધ છે આ સાથે જ યુજીસી દ્વારા વર્ષ ૨૦૦૯માં એક જાહેરનામું પીએચ.ડી એમફિલ માટે બહારમાં પાડવામાં આવેલ કે જેમાં દરેક યુનિવર્સિટીઓનાં પીએચ.ડી એમફિલ કરતા રિસર્ચરે થીસિસ ઓનલાઈન ઇન્ફ્લીબનેટ ખાતે તેમજ સંલગ્ન યુનિવર્સિટી ખાતે સોફ્ટ કોપીમાં થીસિસ જમા કરાવવાનો રહેશે.

# Media Clippings



સંદેશ

ફાગણ સુદ નોમ

સંદેશ ty Lif

28.02.2023

અમદાવાદની આજ અને કાલ...

## સિટીના સંસ્કૃતિ અને હેરિટેજ વારસાને ઉજાગર કરતા ગ્રંથોનું પ્રદર્શન યોજાયું

**GU ગ્રંથાલય ખાતે અમદાવાદના વ્યાપાર ઉદ્યોગ, ક્લોથ માર્કેટ, ફુવારા બજાર અને શહેરની વિવિધ પોળોના નામ અંગેના પુસ્તકો પ્રદર્શનમાં મુકાયાં**

સિટી લાઇફ । અમદાવાદ શહેરના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે અમદાવાદ ઉપર પ્રકાશિત વિવિધ ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતું જેમાં ઐતિહાસિક અમદાવાદ નગરી, આજનું અમદાવાદ, અમદાવાદના વ્યાપાર-ઉદ્યોગો, મેટ્રોપોલિટન હાઉસિંગ માર્કેટ : અ સ્ટડી ઓફ અમદાવાદ, અમદાવાદ ૬૦૦, અમદાવાદ: અ સોસાયટી ઓફ ટ્રાન્ઝિશન (૧૮૧૮-૧૯૧૪), કોઈન્સ ઓફ અમદાવાદ, અમદાવાદ ગાઈડ, આજનું અમદાવાદ, અમદાવાદ કોર્પોરેશન ચૂંટણી એમ અમદાવાદ ઉપર પ્રકાશિત ગ્રંથો નકશા સહિત અન્ય સાહિત્યનું પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું હતું. આ ગ્રંથ પ્રદર્શનમાં રાખવામાં આવેલ વિવિધ ગ્રંથો અને સાહિત્યમાં જે તે સમયે માન્ચેસ્ટર તરીકેના ઓળખના અમદાવાદમાં હોટલ્સ, ધર્મશાળાઓ, બસરૂટ, આર્ટ સ્થાપત્ય જેમાં રેલવે સ્ટેશન, બોમ્બે શોપ, લલ્લુભાઈ કરસનદાસ હોલ, મસ્કતી ક્લોથ માર્કેટ, વિક્ટોરિયા જ્યુબિલી હોસ્પિટલ, દાદા હરિની વાવ, કાંકરિયા ટેંક, રતનપોળ, ફુવારા બજાર સહિત અમદાવાદનો તે સમયનો નકશા સહિત, રાજા કર્ણદેવની કર્ણાવતીનગર વસાવવાની સહિત આશા ભીલ, અમદાવાદની વિવિધ પોળોના નામો કેવી રીતે પડ્યા, ભદ્રનો કિલ્લો, રાણીનો હજીરો, અમદાવાદના પ્રથમ નગર શેઠ શાંતિદાસ ઝવેરીથી લઈને હેરિટેજ અમદાવાદ સ્માર્ટ સિટી અમદાવાદ સહિતની માહિતી આવરી લેતું સાહિત્ય આ ગ્રંથપ્રદર્શનમાં રાખવામાં આવ્યું હતું.



દિવ્ય ગુજરાત (દૈનિક) Divya Gujarat (Daily) AHMEDABAD

## અમદાવાદના સ્થાપના દિવસે અમદાવાદના ઈતિહાસ કલા સંસ્કૃતિ અને હેરીટેજ વારસાને ઉજાગર કરતા ગ્રંથોનું પ્રદર્શન યોજાયું"

અમદાવાદ શહેરના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય ખાતે અમદાવાદ ઉપર પ્રકાશિત વિવિધ ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતું જેમાં ઐતિહાસિક અમદાવાદ નગરી, આજનું અમદાવાદ, અમદાવાદના વ્યાપાર -ઉધોગો, M*ropolitan Housing Mark* : A Study of Ahmedabad ,અમદાવાદ ૬૦૦, Ahmedabad : A Soci*y of Tansition ( ૧૮૧૮-૧૯૧૪) કોઈન્સ ઓફ અમદાવાદ, અમદાવાદ ગાઈડ, આજનું અમદાવાદ ,અમદાવાદ કોર્પોરેશન ચૂંટણી એમ અમદાવાદ ઉપર પ્રકાશિત ગ્રંથો નકશા સહિત અન્ય સાહિત્યનું પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતા ગ્રંથાલય ખાતે વાંચન કરતા વિધાર્થીઓ સહિત યુનિવર્સીટીના વિધાર્થીઓ અને શહેરના નાગરિકો પણ આ ગ્રંથપ્રદર્શનની મુલાકાત લીધેલ હતી

આ ગ્રંથપ્રદર્શનમાં રાખવામાં આવેલ વિવિધ ગ્રંથો અને સાહિત્યમાં જે તે સમયે માંચેસ્ટર તરીકેના ઓળખના અમદાવાદમાં હોટલ્સ, ધર્મશાળાઓ બસરૂટ, આર્ટ સ્થાયત્ય જેમાં રેલ્વે સ્ટેશન બોમ્બે શોપ લલ્લુભાઈ કરસનદાસ હોલ મસકતી ક્લોથ માર્કેટ મ વિકટોરિયા જ્યુબિલી હોસ્પિટલ , અસારવા દાદા હરિની કાકરિયા ટૈંક રતનપોળ ફુવારા બજાર સહિત અમદાવાદનો તે સમયનો નકશા સહિત , રાજા કર્ણદેવની કર્ણાવતી નગર વસાવવાની સહિત આશા ભીલ, અમદાવાદની વિવિધ પોળોના નામો કેવી રીતે પડ્યા , શાહજહા જેમણે પોતે જ બંધાવેલા મહેલમા એક રાત પણ ના રોકાઈ શકયા , ભદ્રનિ કિલ્લો , રાણીનો હજીરો ,અમદાવાદના પ્રથમ નગર શેઠ શાંતિદાસ ઝવેરી થી લઈને હેરિટેજ અમદાવાદ સ્માર્ટ સીટી અમદાવાદ સહિતની માહિતી આવરી લેતં સાહિત્ય આ ગ્રંથપ્રદર્શનમા રાખવામાં આવેલ હતૂ આ સાથે અમદાવાદ શહેરની ઉન્નતિમાં સર્વાંગીણ ક્ષેત્રે ગુજરાત યુનિવર્સીટી વધુમાં વધુ યોગદાન આપી શકાય એ શપથ પણ યુવા વિધાર્થીઓ સહિત સ્ટાફ દ્વારા લેવામાં આવેલ હતા

# Media Clippings



અમદાવાદ-સિટીભાસ્કર 02-03-2023

## યુનિ.ઓફ કાશ્મીરના પ્રોફેસર GUની મુલાકાતે

અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાતે યુનિવર્સિટી ઓફ કાશ્મીરના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ આવ્યા. જે મુલાકાતમાં તેમને ગ્રંથાલયના કુલ 21 વિભાગે સાથે RFID, દર્લભ સાહિત્ય, હસ્તપ્રતો અને તાડપત્રો વિભાગ ગુરુકુળ પરંપરા મુજબ વાંચન માટેના વિશેષ વિભાગથી માહિતગાર કરવામાં આવ્યા હતા.



ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત યુનિવર્સિટી ઓફ કાશ્મીરના અધ્યાપકો તેમજ વિધાર્થીઓ દ્વારા લેવામાં આવેલ હતા ગ્રંથાલયના કુલ ૨૧ વિભાગો સાથે આર. એફ. આઈ. ડી, દુર્લભ અને રેર સાહિત્ય, હસ્તપ્રતો અને તાડપત્રોનો વિભાગ ગુરુકુળ પરંપરા મુજબ વાંચન માટેના વિશિષ્ટ વિભાગ, મોબાઈલ આધારિત ઈ રીસોસીર્સ સેવાઓ વિશાળ ગ્રંથભંડાર દીકરીઓ માટેની અલાયદી વાંચન વ્યવસ્થા વિગેરે આંતર માળખાકીય અને ટેકનોલોજીલ સુવિધાઓ વિશે પ્રભાવિત થયા હતા



## ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે મહિલા દિવસની ઉજવણી કરાઈ

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે નારીરત્નોના વિવિધ ક્ષેત્રમાં કરેલપ્રદાન પરના ગ્રંથોનું પ્રદર્શન યોજાયું, જેમાં ખાસ કરીને દેશમાં નારીનું યોગદાન, સમાજજીવનના વિવિધ ક્ષેત્રમાં નારીનું પ્રદાન સહિતના ગ્રંથોનો મોટી સંખ્યામાં આવેલા પુસ્તકપ્રેમીઓએ રસપ્રદ માહિતી મેળવી હતી.



## G.U.માં નારી રત્નોના વિવિધ ક્ષેત્રે પ્રદાન ઉપરના ગ્રંથોનું પ્રદર્શન યોજાયું

ગુજરાત યુનિ. ગ્રંથાલય ખાતે સતત દીકરીઓની ગ્રંથાલય ખાતે વાંચન માટેની સંખ્યા નિરંતર વધતી જાય છે : ડૉ.યોગેશ પારેખ

સિટી લાઇફ । ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી સંદર્ભે વૈશ્વિક સ્તરે વિવિધ ક્ષેત્રમાં નારી શકિત, નારીના સમાજ જીવન, રાજ્ય અને દેશમાં નારીનું યોગદાન, સમાજજીવનના વિવિધ ક્ષેત્રે નારી એમ વિવિધ વિષયોને લગતા ગ્રંથોનુ એક પ્રદર્શન યોજાઈ ગયું.આ અંગે વાત કરતા લાઈબ્રેરિયન ડૉ.યોગેશ પારેખે કહ્યું કે, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે સતત દીકરીઓની ગ્રંથાલય ખાતે વાંચન માટેની સંખ્યા નિરંતર વધતી જાય છે સાથે ગ્રંથાલય ખાતે દીકરી માટેના વાંચન માટે માટેનો એક અલાયદો વિભાગ પણ બનાવવામાં આવેલ છે. દીકરી, વિદ્યાર્થિનીઓ કે મહિલાને સમાજના દરેક ક્ષેત્રે સમાન સ્થાન અને સન્માન આપવું જ જોઈએ. તે પછી ઘરની સામાજિક જવાબદારી હોય ,વ્યવસાયિક ક્ષેત્ર હોય કે રાજકીય. ભૂતકાળ અને વર્તમાન સાક્ષી છે કે, મહિલાઓ સમાજના વિવિધ ક્ષેત્ર પોતાનું આગવું યોગદાન આપેલ છે. આજે શિક્ષણ ક્ષેત્રે સૌથી મેડલ્સ પણ દીકરીઓ મેળવી રહી છે.આ ગ્રંથ પ્રદર્શનમાં સ્ત્રી સ્વાતંત્ર્યવાદ, ગૃહજીવનમાં સ્ત્રીનું સ્થાન, અમદાવાદ શહેરની સ્ત્રી નેતૃત્વ શક્તિ, આજની નારી, આધુનિક યુગ મેં કાર્યશીલ મહિલાએ, વુમન એમ્પાવરમેન્ટ, દીકરી એમ ૧૯૮૦,૧૯૫૮,૧૯૨૭ માં લખાયેલા છે તે સાથે ૧૦૦થી વધુ પુસ્તકો મહિલા સશક્તીકરણને લગતા આ ગ્રંથ પ્રદર્શનમાં રાખવામાં આવ્યા હતા.

City life Sandesh samachar 11/3/23

# Media Clippings

દિવ્ય ભાસ્કર અમદાવાદ-સિટીભાસ્કર 11-03-2023

અમદાવાદ, શનિવાર, 11 માર્ચ 2023 | 02

**EXHIBITION**

## ગુજ. યુનિ. ખાતે મહિલાઓ પરના ગ્રંથોનું પ્રદર્શન યોજાયું



**અમદાવાદ :** ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે મહિલાઓના વિવિધ ક્ષેત્રે પ્રદાન વિષય પર 100 ગ્રંથોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. ઈન્ટરનેશનલ વુમન્સ ડેના સેલિબ્રેશન અંતર્ગત ગ્રંથાલય ખાતે આવેલ વિદ્યાર્થિનીઓ અને મહિલા સ્ટાફના હસ્તે પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જે પ્રદર્શન ઉપરાંત મહિલાઓએ મહિલા દિવસ પર પોતપોતાના મંતવ્યો પણ રજૂ કર્યાં હતા. મહિલાઓએ જણાવ્યું હતું કે, દેશના સર્વોચ્ચ પદની વાત હોય તો ત્યાં પણ મહિલા છે જ્યારે ભૂતકાળમાં પણ મહિલા વડા પ્રધાન પદે જોવા મળ્યા છે, જ્યારે હાલ નાણામંત્રી પદે પણ મહિલા જ છે. અવકાશ, સંગીત, વિજ્ઞાન, રમત-ગમત અને શિક્ષણ જેવા દરેક ક્ષેત્રે મહિલાઓનું યોગદાન મહત્ત્વનું જોવા મળી રહ્યું છે.

દિવ્ય ગુજરાત (દૈનિક) Divya Gujarat (Daily) AHMEDABAD

## ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી સંદર્ભે નારી રત્નોનાં વિવિધ ક્ષેત્રેના પ્રદાન ઉપરના ગ્રંથોનું પ્રદર્શન યોજાયુ

ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી સંદર્ભે વૈશ્વિક સ્તરે વિવિધ ક્ષેત્રમાં નારી શકિત નારીના સમાજ જીવન ,રાજય અને દેશમાં નારીનુ યોગદાન સમાજજીવનના વિવિધ ક્ષેત્રે નારી એમ વિવિધ વિષયોને લગતા ગ્રંથોનુ એક પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતા. આ ગ્રંથ પ્રદર્શન ગ્રંથાલય ખાતે વાચન કરતી વિધાર્થિનીઓ તેમજ ગ્રંથાલયનાં સ્ટાફ મેમ્બરના વરદહસ્તે ખુલ્લું રાખવામાં આવેલ હતું. કા.ગ્રંથપાલ ડૉ.યોગેશ આર પારેખના જણાવ્યાનુસાર ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય ખાતે સતત દિકરીઓની ગ્રંથાલય ખાતે વાંચન માટેની સંખ્યા નિરંતર વધતી જાય છે સાથે ગ્રંથાલય ખાતે દિકરી માટેના વાંચન માટે માટેનો એક અલાયદો વિભાગ પણ બનાવવામાં આવેલ છે વધુમાં



કા.ગ્રંથપાલ ડો. યોગેશ આર પારેખ આ અંગે દિકરીઓ સાથે વાત કરતા જણાવ્યુ હતું કે દિકરી, વિધાર્થીનીઓ કે મહિલાને સમાજના દરેક ક્ષેત્રે સમાન સ્થાન અને સન્માન આપવું જ જોઈએ. તે પછી ઘરની સામાજિક જવાબદારી હોય ,વ્યવસાયિક ક્ષેત્ર હોય કે રાજકીય, ભૂતકાળ અને વર્તમાન સાક્ષી છે કે મહિલાઓ સમાજના વિવિધ ક્ષેત્ર પોતાનું આગવું યોગદાન આપેલ છે આ અંગે ઉદાહરણ સાથે જણાવ્યું હતું કે ભારત દેશનાં સર્વોચ્ચ રાષ્ટ્રપતિ પદે , દેશનાં વડાપ્રધાન પદે , દેશના સંરક્ષણ અને નાણામંત્રી પદે ,રાજયના મુખ્યમંત્રી પદે ,રાજયના રાજયપાલ પદે ,અવકાશ ક્ષેત્રે ,સંગીત ક્ષેત્રે વૈજ્ઞાનિક ક્ષેત્રે રમત જગત ક્ષેત્રે શિક્ષણક્ષેત્રે એમ વિવિધ ક્ષેત્રે મહિલાઓએ આગવું યોગદાન આપેલ છે અને આપી રહ્યા છે.

આજે શિક્ષણ ક્ષેત્રે સૌથી મેડલ્સ પણ દીકરીઓ મેળવી રહી છે. આ ગ્રંથ પ્રદર્શનમાં સ્ત્રી સ્વાતંત્ર્યવાદ ગ્રુહ જીવનમાં સ્ત્રીનું સ્થાન અમદાવાદ શહેરની સ્ત્રી નેત્તુત્વ શકિત, આજની નારી, આધુનિક યુગમેં કાર્યશીલ મહિલાએ, વુમન એમ્પાવરમેન્ટ, દિકરી એમ ૧૯૮૦,૧૯૫૮,૧૯૨૭ માં લખાયેલા છે તે સાથે ૧૦૦ થી વધુ પુસ્તકો મહિલા સશક્તિકરણને લગતા આ ગ્રંથ પ્રદર્શનમાં રાખવામાં આવેલ છે.


# Media Clippings

## ગુજરાત યુનિવસીટી ગ્રંથાલય ખાતે આજ રોજ વિશ્વ વોટર દિવસ નિમિત્તે જળ સંસાધનો ઉપરના ગ્રંથોનું પ્રદર્શન યોજાયું



ગુજરાત યુનિવર્સીટી ગ્રંથાલય ખાતે આજ રોજ વિશ્વ વોટર દિવસ નિમિત્તે પાણી સંસાધનો ઉપરના ગ્રંથોનું પ્રદર્શન ઉપર આયોજિત કરવામાં આવેલ હતું આ ગ્રંથપ્રદર્શનમાં પાણીની ઉપયોગીતા ,આપણા જળસ્ત્રોતો જળસ્ત્રોતોનાં ઉપયોગ સાથે તેનું પ્રોપર ઉપયોગીતા સાથે ભાવી પેઢીનાં ઉપયોગાર્થે કુદરતી અતિમહત્ત્વનાં અને સમાજજીવનનાં પ્રત્યેક જેમાં માણસો , પશુ ,પંખીઓ સહીત દરેક ક્ષેત્રે માટે અનિવાર્ય એવા જળસસ્ત્રોતોના વિવિધ વિષયોને લગતા ગ્રંથો જેમાં પાણી કા પરિચય , જલ વાયુ વિજ્ઞાન , Water ,Water and waste water technology, Water Plants, Ground water, Water and the environment ,Water of India, Water pollution, Water and agriculture ,Water reuse, Water supply એમ ૫૦ થી વધુ ગ્રંથોનું પ્રદર્શન યોજાયેલ હતું જેમાં ગ્રંથાલય ખાતે વાચંન કરતા વિધાર્થીઓએ આ ગ્રંથ પ્રદર્શનનો લાભ લીધો હતો.

*Sandesh City life*
*24/3/2023*



## G.U. લાઇબ્રેરી ખાતે જળ સંસાધનો પરના ગ્રંથોનું પ્રદર્શન યોજાયું

**ભાવી પેઢીને જળનું મહત્ત્વ અને જળસ્ત્રોતોના ઉપયોગ વિશે માહિતગાર કરાયા**

સિટી લાઇફ । ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે તાજેતરમાં વિશ્વ વોટર દિવસ નિમિત્તે પાણી સંસાધનો ઉપરના ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતું આ ગ્રંથપ્રદર્શનમાં પાણીની ઉપયોગિતા, આપણા જળસ્ત્રોતોનાં ઉપયોગ સાથે ભાવી પેઢીના ઉપયોગ અર્થે કુદરતી અતિમહત્ત્વના અને સમાજજીવનના પ્રત્યેક જેમાં માણસો, પશુ,પંખીઓ સહિત દરેક ક્ષેત્રે માટે અનિવાર્ય એવા જળસ્ત્રોતોના વિવિધ વિષયોને લગતા ગ્રંથો જેમાં પાણી કા પરિચય, જલ વાયુ વિજ્ઞાન, વોટર, વોટર એન્ડ વેસ્ટ વોટર ટેક્નોલોજી, વોટર પ્લાન્ટ્સ, ગ્રાઉન્ડ વોટર, વોટર અડ ધ એન્વાયરમેન્ટ, વોટર ઓફ ઈન્ડિયા, વોટર પોલ્યુશન, વોટર એન્ડ એગ્રિકલ્ચર, વોટર રિ-યૂઝ અને વોટર સપ્લાય એમ ૫૦થી વધુ ગ્રંથોનું પ્રદર્શન યોજાયેલ હતું જેમાં ગ્રંથાલય ખાતે વાચંન કરતા વિદ્યાર્થીઓએ આ ગ્રંથ પ્રદર્શનનો લાભ લીધો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય વિભાગ દ્વારા આ પ્રકારે સમયાંતરે વિવિધ વિષયો પર પુસ્તક-ગ્રંથોના પ્રદર્શન યોજવામાં આવે છે.

## શહીદદિન નિમિત્તે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂના જીવન સંદર્ભિત ગ્રંથોનું પ્રદર્શન




ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે શહીદદિન નિમિત્તે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂના જીવનને સંદર્ભિત ગ્રંથોનું પ્રદર્શન યોજાયું.

# Media Clippings

Divay Gujarat 1/4/23

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે

## રઘુકુલ નંદન ભગવાન શ્રીરામના જન્મોત્સવ નિમીત્તે ભગવાન શ્રીરામ પર લખાયેલ વિવિધ ધાર્મિક ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરાયું

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે રઘુકુલ નંદન ભગવાન શ્રીરામના જન્મોત્સવ નિમીત્તે ભગવાન શ્રીરામ પર લખાયેલ વિવિધ ધાર્મિક ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતું જેમાં ઉત્તમ રામચરિતમ,શ્રીમદ્ ભગવદ-રામાયણ સમન્વય , તત્ત્વાર્થ રામાયણ રામચરિતમાનસ, શ્રીમદ વાલ્મિકી રામાયણ , રામાયણ ઓફ વાલ્મિકી જેવા અંગ્રેજી ગુજરાતી અને હિન્દી જેમાં વિવિધ ગ્રંથો પ્રદર્શનમાં મૂકવામાં આવેલ હતા આ પ્રસંગે કા. ગ્રંથપાલ ડો. યોગેશ આર પારેખે યુવા વિધાર્થીઓને જણાવ્યું હતું કે રામાયણ રઘુકુલ નંદન શ્રી રામ ભગવાનના જીવનના આદર્શો, કરુણા ,પ્રેમ સત્ય, રાજધર્મ અને કર્તવ્ય પાલન વિગરે જેવા અનેક ગુણોને ઉદ્દેશોને આધીન રચાયું છે વધુમાં જણાવ્યું હતુ કે રઘુકુલ નંદન મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામનો અયોધ્યાના રાજા તરીકે રાજ્યાભિષેક થવાનો હતો અને ભગવાનશ્રી રામને વચનના આધારે આજ્ઞાનુસાર ૧૪ વર્ષના વનવાસે જવાનું થાય છે, રઘુકુલ નંદન ભગવાન શ્રીરામ રાજપાઠ ત્યાગી માતા-પિતાની આજ્ઞાનુસાર ૧૪ વર્ષનાં વનવાસે નીકળી નીકળી પડે છે .૧૪ વર્ષનાં વનવાસ દરમિયાન શકિતશાળી, જ્ઞાની અને અહંકારમાં રાચતા રાવણની સેનાને પરાસ્ત કરી વનવાસ બાદ ભગવાન શ્રીરામ, સીતા માતા લક્ષ્મણ અને ભગવાન હનુમાનજી સાથે અયોધ્યા ખાતે પરત ફરે છે. આમ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામનું જીવન ત્યાગ સમપર્ણ , રાજધર્મ કરુણા અને કર્તવ્યપાલન જેવા આદર્શ સાથે જીવન જીવવાનો સંદેશ આપે છે. નૈતિકતા ઉચ્ચતમ ગુણો સાથે જીવનનિર્વાહ માટે સ્પર્ધાત્મક આ ઝડપથી ચાલતા સમય અને યુગમાં યુવા પેઢીએ સવિશેષ રામાયણ જેવા પવિત્ર ગ્રંથોનું વાચન કરવું જોઈએ .ગ્રંથાલય ખાતે વાંચન કરતા યુવા વિધાર્થીઓ આ ગ્રંથપ્રદર્શનની મુલાકાત લીધેલ હતી.

---

સંદેશ City Life

અમદાવાદની આજ અને કાલ...

## GU લાઇબ્રેરી ખાતે શ્રીરામ પર લખાયેલ ગ્રંથોનું પ્રદર્શન યોજાયું

સિટી લાઇફ । ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે ભગવાન શ્રીરામના જન્મોત્સવ નિમીત્તે ભગવાન શ્રીરામ પર લખાયેલ વિવિધ ધાર્મિક ગ્રંથોનું પ્રદર્શન આયોજિત કરવામાં આવેલ હતું જેમાં ઉત્તમ રામચરિતમ,શ્રીમદ્ ભગવદ-રામાયણ સમન્વય , તત્ત્વાર્થ રામાયણ રામચરિતમાનસ, શ્રીમદ વાલ્મીકી રામાયણ , રામાયણ ઓફ વાલ્મીકી જેવા અંગ્રેજી ગુજરાતી અને હિન્દી જેમાં વિવિધ ગ્રંથો પ્રદર્શનમાં મૂકવામાં આવેલ હતા. આ સાથે લાઈબ્રેરિયન ડો. યોગેશ પારેખે યુવા વિદ્યાર્થીઓને કહ્યું કે, રામાયણ રઘુકુલ નંદન શ્રી રામ ભગવાનના જીવનના આદર્શો, કરુણા, પ્રેમ સત્ય, રાજધર્મ અને કર્તવ્ય પાલન વગેરે જેવા અનેક ગુણોને ઉદ્દેશોને આધીન રચાયું છે.

Co-ordinated by


Dr. Yogesh Parekh

I/C Librarian

Gujarat University Library


Compiled By


Yash Bhandari

Akshar Zala